- AGREEMENT FOR SALE
- LEAVE & LICENCE AGREEMENT
- POWER OF ATTORNEY
- PARTNERSHIP DEED
- SALE DEED
- **TITLE REPORT**

DOCUMENT NO.

**DATE OF DOCUMENT**

૧૪/૧૦/૨૦૨૨

મિલકતનું વર્ણન

મોજે વાપી, તા. વાપી, જી. વલસાડ
સીટી સર્વે નંબર ૩૬૮૭ વાળી ૧૭૦૦.૧૦ ચોરસ મીટરના ક્ષેત્રફળવાળી મિલકત

મિલકત ધારણકર્તા

"પાર્થ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢી


# ADVOCATES
## VIJAY M. BARAI, (B. Com., LLB)
## LIRI V. BARAI, (M. A., LLB)

**OFFICE:** 116, First Floor, Bhanuhills, Opp. R. K. Desai College, Koparli Road, Chharwada, Vapi, Tal : Vapi, Dist. : Valsad (Gujarat) - 396195

**MOBILE:** (+91) 98986 31971, (+91) 99983 56842 **E-MAIL:** vmbarai@gmail.com

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : મોજે વાપી, તા. વાપી, જી. વલસાડ, સીટી સર્વે નંબર ૩૬૮૭ વાળી ૧૭૦૦.૧૦ ચોરસ મીટરના ક્ષેત્રફળવાળી મિલકત

Search in : વાપી /Vapi

પહોંચ નંબર 202210600014011 અરજી નંબર 10619 અરજી વર્ષ 2022

તારીખ 14 માહે ઓક્ટ્મ્બર સને 2022

રજુ કરનારનું નામ VIJAY MESA BARAI

ટ્રાન્જેક્સન નંબર 20221014581899823

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી........વર્ષ : 1992 થી 2014 | 240.00 |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| અન્ય ફી ........ | |
| કુલ એકંદરે રૂ. | 240.00 |

THE SEAL OF THE SUB-REGISTRAR PARDI

અંકે રૂપીયા બે સો ચાલીસ પુરા

MANISHA VALJIBHAI MAKWANA
સબ રજીસ્ટ્રાર
પારડી

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

## અરજી પહોંચ

**મિલ્કત નું વર્ણન :** મોજે વાપી, તા. વાપી, જી. વલસાડ, સીટી સર્વે નંબર ૩૬૮૭ વાળી ૧૭૦૦.૧૦ ચોરસ મીટરના ક્ષેત્રફળવાળી મિલકત

**Search in :** VAPI /VAPI

**પહોંચ નંબર** ૨૦૨૨૪૦૦૦૦૦૨૦૦૩૦ **અરજી નંબર** ૪૪૫૭ **અરજી વર્ષ** ૨૦૨૨

**તારીખ** ૧૪ **માહે** ઓક્ટમ્બર **સને** ૨૦૨૨

**રજુ કરનારનું નામ** VIJAY MESA BARAI

**ટ્રાન્જેક્સન નંબર** 20221014506485345

**નીચે પ્રમાણે ફી પહોંચી** રૂ. પૈસા

| | |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | |
| શોધ અગર તપાસણી.....વર્ષ : 2014 થી 2022 | ૧૦૦.૦૦ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| અન્ય ફી | |

| કુલ એકંદરે રૂ. | ૧૦૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો પુરા

THE SEAL OF THE SUB REGISTRAR VAPI — સબ રજીસ્ટ્રાર વાપી (ઉદ્યોગ) — सत्यमेव जयते

Nileshkumar Bhagvatilal Shah
સબ રજીસ્ટ્રાર
વાપી

**VIJAY M. BARAI**
ADVOCATE (B. Com., LLB.)
Reg. No. G/3191/2005

Mobile No.: (+91) 9898631971
(+91) 9998356842
E-mail : vmbarai@gmail.com

**OFFICE:** 116, First Floor, Bhanuhills, Opp. R. K. Desai College, Koparli Road, Chharwada, Vapi, Tal : Vapi, Dist : Valsad, Gujarat - 396191

VIJAY M. BARAI ADVOCATE Reg. No. G/3191/2005 B.COM. LLB. VAPI



## ટાઈટલ રીપોર્ટ

**વલસાડ ડિસ્ટ્રિક્ટના રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ વાપી તાલુકાના મોજે વાપી ખાતે આવેલ અને સીટી સર્વે કચેરી, વાપીના રેવન્યુ રેકર્ડ દફતરે નોંધાયેલ સીટી સર્વે નંબર ૩૬૮૭ વાળી ૧૭૦૦.૧૦ ચોરસ મીટરના ક્ષેત્રફળવાળી મિલકતનો ટાઈટલ રીપોર્ટ.**

મોજે વાપી ખાતે ચાલી આવેલ ગામતળ સર્વે નં. ૧૩૯ વાળી એકર - ગુંઠા ૦ - ૧૮ - ૬૫ ના ક્ષેત્રફળવાળી જમીન પરાગજી રણછોડજીએ દાજી હાંસજી પાસેથી રૂપિયા ૧,૦૦૦/- માં તા. ૦૯/૦૧/૧૯૩૬ ના રોજ વેચાણ રાખી. જે અંગે વાપીના ગામતળ રેવન્યુ રેકર્ડ દફતરે તા. ૨૬/૦૩/૧૯૩૬ ના રોજ ફેરફાર નોંધ નંબર ૪૧૬ પાડવામાં આવેલ છે. જે નોંધને સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યાર બાદ પરાગજી રણછોડજી તા. ૧૪/૦૭/૧૯૪૪ ના રોજ ગુજરી જવાથી વારસમાં તેના છોકરા મંગુભાઈ ઉર્ફે ભગવાનજી પરાગજીનું નામ વારસાઈ પત્રકે જણાવ્યા મુજબ મોજે વાપી ખાતે આવેલ ગામતળ સર્વે નં. ૧૩૯ વાળી એકર - ગુંઠા ૦ - ૧૮ - ૬૫ વાળી જમીનમાં માલીક તરીકે દાખલ થયેલ. મંગુભાઈ ઉર્ફે ભગવાનજી પરાગજી તા. ૦૧/૦૫/૧૯૭૭ ના રોજ ગુજરી જતાં તેઓએ તેમની હયાતીમાં કરેલા વીલ યાને વસીયતનામા આધારે સદર ગામતળ સર્વે નં. ૧૩૯ વાળી જમીન તેમના મોટા દિકરા ઠાકોરભાઈ મંગુભાઈ ઉર્ફે ભગવાનજી પરાગજી ના બે દિકરાઓ (૧) દિલીપકુમાર ઠાકોરભાઈ તથા (૨) મુકેશકુમાર ઠાકોરભાઈના નામે કરવામાં આવી. જે અંગે વાપીના ગામતળ રેવન્યુ રેકર્ડ દફતરે તા. ૦૪/૦૯/૧૯૭૭ ના રોજ ફેરફાર નોંધ નંબર ૬૦૮૫ પાડવામાં આવેલ છે. જે નોંધને સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

મોજે વાપી ખાતે આવેલ ગામતળ સર્વે નં. ૧૩૯ વાળી એકર - ગુંઠા ૦ - ૧૮ - ૬૫ વાળી જમીનની અનુક્રમણિકા ગામ નમુના નંબર - ૭ માં દર્શાવ્યા મુજબના ૧૮૭૫.૪૪ ચો.મી. ના ક્ષેત્રફળવાળી બીનખેતીની જમીન જેના ચાલુ નંબર ૧૫૦ અને ૧૫૧ ના અનુક્રમે છેલ્લા સીટી સર્વે નંબરો ૩૬૮૭ અને ૩૬૮૮ સીટી સર્વે રેવન્યુ રેકર્ડ દફતરે ચાલી આવેલ. સદર જમીન અંગે હક ચોકસીની તપાસ કરવામાં આવતાં સદર જમીન બાબતે દિલીપકુમાર ઠાકોરભાઈ તથા મુકેશકુમાર ઠાકોરભાઈના તા. ૨૫/૦૫/૧૯૭૮ ના જવાબ તથા રજુ કરેલ ૭×૧૨ ની નકલથી ખાતરી કરતાં સદર જમીન વડીલોપાર્જીત વારસાઈ હકકે પ્રાપ્ત થયેલ અને તેઓનો કબજો ચાલી આવેલ. સદર જમીન ગામતળ પૈકીની વાડાની ખુલ્લી જમીન હતી. સદર જમીન સરકાર પાસેથી પ્રાપ્ત થયેલ હોય તેવા દસ્તાવેજી પુરાવા ન હોય સદર જમીનની માલિકી સરકારશ્રીની તથા બીજા હકમાં વાડા તરીકે ઉપયોગ કરવાનો હક શ્રી દિલીપકુમાર ઠાકોરભાઈ દેસાઈ તથા શ્રી મુકેશકુમાર ઠાકોરભાઈ દેસાઈનો ઠરાવવામાં આવેલ જે અંગેનો નિર્ણય ૦૮/૦૬/૧૯૭૮ ના રોજ થઈ આવતાં તે મુજબ ચાલતા સર્વે નંબરો ૧૫૦ અને ૧૫૧ વાળી કુલ્લે ૧૪૩૯.૧૦ ચો. મી. ક્ષેત્રફળ જમીનના છેલ્લા સીટી સર્વે નંબરો ૩૬૮૭ નું ક્ષેત્રફળ ૧૨૩૫.૦૦ ચો. મી. તથા ૩૬૮૮ નું ક્ષેત્રફળ ૨૦૪.૧૦ ચો. મી. નકશો અને માપણી માન્ય કરી કાયમ કરવામાં આવેલ.

VIJAY M. BARAI ADVOCATE Reg. No. G/3191/2005 B.COM. LLB. VAPI

**VIJAY M. BARAI**
**ADVOCATE (B. Com., LLB.)**
**Reg. No. G/3191/2005**

**Mobile No.: (+91) 9898631971**
**(+91) 9998356842**
**E-mail : vmbarai@gmail.com**

**OFFICE:** 116, First Floor, Bhanuhills, Opp. R. K. Desai College, Koparli Road, Chharwada, Vapi, Tal : Vapi, Dist : Valsad, Gujarat - 396191



ત્યારબાદ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ વાપીના હુકમ નંબર ૩૫/૨૦૧૪ તા. ૧૯/૧૧/૨૦૧૪ ના આધારે સીટી સર્વે નંબર ૩૬૮૭ વાળી ૧૨૩૫.૦૦ ચો. મી. માં સરકારશ્રીના પરિપત્ર આધારે કબજા હક્કની રકમ રૂપિયા ७૫,૫૮૩/- ચલન નં. ૩૦ તા. ૧૭/૦૭/૨૦૧૪ ના રોજ સરકારશ્રીમાં ભરપાઈ કરેલ હોય સરકારશ્રીનું નામ કમી કરવામાં આવ્યું. જે અંગે વાપીના સીટી સર્વે રેકર્ડ દફતરે ફેરફાર નોંધ નંબર ૯૬૮૫ તા. ૧૬/૦૨/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ સીટી સર્વે ઓફિસર દ્વારા તા. ૧૬/૦૪/૨૦૧૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ સાહેબ વાપીના હુકમ નંબર ૩૫/૨૦૧૪ તા. ૧૯/૧૧/૨૦૧૪ ના આધારે સીટી સર્વે નંબર ૩૬૮૮ વાળી ૨૦૪.૧૦ ચો. મી. માં સરકારશ્રીના પરિપત્ર આધારે કબજા હક્કની રકમ રૂપિયા ૧૨,૪૯૧/- ચલન નં. ૩૧ તા. ૧૭/૦૭/૨૦૧૪ ના રોજ સરકારશ્રીમાં ભરપાઈ કરેલ હોય સરકારશ્રીનું નામ કમી કરવામાં આવ્યું. જે અંગે વાપીના સીટી સર્વે રેકર્ડ દફતરે ફેરફાર નોંધ નંબર ૯૬૮૬ તા. ૧૬/૦૨/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ સીટી સર્વે ઓફિસર દ્વારા તા. ૧૬/૦૪/૨૦૧૫ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

જે આધારે શ્રી સરકાર કમી કરી મૂળ ધારણકર્તા તરીકે શ્રી દિલીપકુમાર ઠાકોરભાઈ દેસાઈ તથા શ્રી મુકેશકુમાર ઠાકોરભાઈ દેસાઈનું નામ દાખલ થયેલ છે.

ત્યારબાદ સીટી સર્વે નંબરો ૩૬૮૭ નું ક્ષેત્રફળ ૧૨૩૫.૦૦ ચો. મી. તથા ૩૬૮૮ નું ક્ષેત્રફળ ૨૦૪.૧૦ ચો. મી. મળીને કુલ્લે ક્ષેત્રફળ ૧૪૩૯.૧૦ ચો.મી. વાળી જમીન તેના માલિક અને કબજેદાર શ્રી દિલીપકુમાર ઠાકોરભાઈ દેસાઈ તથા શ્રી મુકેશકુમાર ઠાકોરભાઈ દેસાઈ પાસેથી "પાર્થ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢી વતી અને તરફે તેના ભાગીદારો શ્રી સંજય કનૈયાલાલ રાંચ, શ્રી ધર્મેશકુમાર ઘેવરચંદ શાહ, શ્રી હર્ષરાજ દિનેશકુમાર દેસાઈ, શ્રી ભાવેશ બાબુભાઈ ભાનુશાલી (મંગે) અને શ્રી પાર્થ મહેશ ભાનુશાલી વિગેરેનાઓએ તારીખ ૨૮/૦૫/૨૦૨૦ ના રોજના કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરી કબજે મેળવેલ. જે વેચાણ દસ્તાવેજ મે. વાપીના સબ રજી. સાહેબની કચેરીના રેકર્ડ દફતરે તારીખ ૩૦/૦૫/૨૦૨૦ ના રોજ અનુક્રમ નંબર ૩૨૨૦ થી કાયદેસર રીતે નોંધાયેલ છે. જે અંગે વાપીના સીટી સર્વે રેકર્ડ દફતરે ફેરફાર નોંધ નંબર ૧૫૪૪૨ તથા ૧૫૪૪૩ તા. ૦૯/૦૭/૨૦૨૦ ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ સીટી સર્વે ઓફિસર દ્વારા તા. ૨૪/૦૮/૨૦૨૦ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મે. જમીન દફતર અધિક્ષક કમ એકત્રીકરણ અધિકારી, વલસાડના હુકમ નં. સીટીએસ/ક્ષે.ભુ.સુ./વાપી/રજી. નં.૪૪/વશી.૫૩૬, ૧૨૭/૨૦૦૧ તા.૧૬/૦૪/૨૦૨૧ આધારે વાપી સીટી સર્વે કચેરીના વોર્ડ-વાપીમાં આવેલ સીટી સર્વે નંબર ૩૬૮૭ નાં ક્ષેત્રફળમાં પ્રસ્તાવિકમાં જણાવ્યા મુજબ મુળનું ક્ષેત્રફળ ૧૨૩૫ ચો.મી. કમી કરી ૧૪૯૬ ચો.મી. મુળના ધારણકર્તા દિલીપકુમાર ઠાકોરભાઇ તથા મુકેશભાઇ ઠાકોરભાઇના નામે લખવા અને સીટી સર્વે રેકર્ડમાં તેની અસર આપવા હુકમ કરવામાં આવેલ. જે અંગે વાપીના સીટી સર્વે રેકર્ડ દફતરે ફેરફાર નોંધ નંબર ૧૬૫૧૨ તથા તા. ૧૯/૦૪/૨૦૨૧ ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ સીટી સર્વે ઓફિસર દ્વારા તા. ૨૬/૦૫/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

VIJAY M. BARAI ADVOCATE Reg. No. G/3191/2005 B.COM. LLB. VAPI

**VIJAY M. BARAI**
**ADVOCATE (B. Com., LLB.)**
**Reg. No. G/3191/2005**

**Mobile No.: (+91) 9898631971**
**(+91) 9998356842**
**E-mail : vmbarai@gmail.com**

**OFFICE:** 116, First Floor, Bhanuhills, Opp. R. K. Desai College, Koparli Road, Chharwada, Vapi, Tal : Vapi, Dist : Valsad, Gujarat - 396191



આમ, ઉપરોક્ત વિગત મુજબ સિટી સર્વે નંબર ૩૬૮૭ ના ક્ષેત્રફળ સુધારાના હુકમ મુજબ ૧૨૩૫.૦૦ ચો.મી. કમી કરી ૧૪૯૬.૦૦ ચો.મી. સુધારો કરી મૂળ માલિક દિલીપકુમાર ઠાકોરભાઇ તથા મુકેશભાઇ ઠાકોરભાઇ નામો દાખલ થયેલ છે. આથી સિટી સર્વે નંબર ૩૬૮૭ વાળી મિલકતના ક્ષેત્રફળ માં ૨૬૧.૦૦ ચો.મી. નો વધારો થતો હોય, સદરહુ વેચાણ દસ્તાવેજ નંબર ૩૨૨૦ તારીખ ૩૦/૦૫/૨૦૨૦ ના પાનાં નંબર ૮ ઉપર કરવામાં આવેલ ઉલ્લેખ "ભવિષ્યમાં સદરહુ મિલકતના ક્ષેત્રફળમાં સુધારો થયેથી સદરહુ મિલકતનું ક્ષેત્રફળ વધારવામાં આવે તો તેવું વધારાનું ક્ષેત્રફળવાળી જમીનના પણ તમો વેચાણ લેનારાઓ કાયદેસરના માલીક, કબજેદાર તથા હક્કદાર ગણાશો. અને તેવું વધારાનું ક્ષેત્રફળ વાળી જમીન તમો વેચાણ લેનારાઓ તમારા નામ પર સરકારી રેકર્ડ દફતરે માલીક તથા કબજેદાર તરીકે ચઢાવી લેવાને માલીક મુખત્યાર છો સહી." તેવા ઉલ્લેખ પ્રમાણે તે વધારાના ૨૬૧.૦૦ ચો. મી. ક્ષેત્રફળવાળી જમીનના કાયદેસરના માલિક તથા કબજેદાર "પાર્થ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી સંજય કનૈયાલાલ રાંચ, શ્રી ધર્મેશકુમાર ઘેવરચંદ શાહ, શ્રી હર્ષરાજ દિનેશકુમાર દેસાઈ, શ્રી ભાવેશ બાબુભાઈ ભાનુશાલી (મંગે) અને શ્રી પાર્થ મહેશ ભાનુશાલી વિગેરેના હોવાથી મે. નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર વલસાડના પત્ર નં. સ્ટેમ્પ/વલ/અભિપ્રાય/૭૨૫ થી ૭૨૫ તા. ૧૮/૦૬/૨૦૨૧ આધારે મોજે-વાપીના સી.સ.નં.૩૬૮૭ વાળી મિલકતમાં ૨૬૧.૦૦ ચો.મી. નો વધારો થતો હોય, તેને તબદીલી ગણી સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાની થતી હોય જે મુજબ મોજે વાપીના સી.સ.નં. ૩૬૮૭ વાળી મિલકતનું મુલ્યાંકન કરતા જંત્રી ભાવ રૂ. ૪,૦૦૦/- પ્રતિ ચો. મી. પ્રમાણે બજાર કિમત રૂ. ૧૦,૪૪,૦૦૦/- નકકી કરીને જેના પર ૪.૯% લેખે રૂ. ૫૧,૧૫૬/- ની સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરવાની થતાં મે. નાયબ કલેક્ટર સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર વલસાડની કચેરીના ચલણ નં. ૫૯, તા.૧૦/૦૬/૨૦૨૧ થી દંડ સહિત વસુલ કરેલ છે. જે આધારે મુળ માલિકના નામો કમી કરવા અંગે વાપીના સીટી સર્વે રેકર્ડ દફતરે ફેરફાર નોંધ નંબર ૧૬૭૦૩ તા. ૨૭/૦૬/૨૦૨૧ ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ સીટી સર્વે ઓફિસર દ્વારા તા. ૦૩/૦૮/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

ત્યારબાદ, સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટના હુકમ ક્રમાંક સીટીએસ/વશી.૧૩/એકત્ર/૨૦૨૧ તારીખ ૩૧/૦૮/૨૦૨૧ આધારે સીટી સર્વે નંબર ૩૬૮૭ માં સીટી સર્વે નંબર ૩૬૮૮ એકત્ર થતાં ક્ષેત્રફળ ૧૭૦૦.૧૦ ચો.મી. કરવાની નોંધ કરવામાં આવી. જે અંગે વાપીના સીટી સર્વે રેકર્ડ દફતરે ફેરફાર નોંધ નંબર ૧૬૯૮૭ તા. ૩૧/૦૮/૨૦૨૧ ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ સીટી સર્વે ઓફિસર દ્વારા તા. ૧૨/૧૦/૨૦૨૧ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

અને એ રીતે "પાર્થ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢીના ભાગીદારો શ્રી સંજય કનૈયાલાલ રાંચ, શ્રી ધર્મેશકુમાર ઘેવરચંદ શાહ, શ્રી હર્ષરાજ દિનેશકુમાર દેસાઈ, શ્રી ભાવેશ બાબુભાઈ ભાનુશાલી (મંગે) અને શ્રી પાર્થ મહેશ ભાનુશાલી વિગેરેના સીટી સર્વે નંબર ૩૬૮૭ વાળી ૧૭૦૦.૧૦ ચોરસ મીટરના ક્ષેત્રફળવાળી મિલકતના કાયદેસરના માલીક, કબજેદાર તથા હક્કદાર બનેલા છે.

ત્યારબાદ નગરપાલિકા વાપી દ્વારા તારીખ ૧૩/૦૯/૨૦૨૨ ના રોજ પરવાનગી નંબર 1020BP22230063 અન્વયે "પાર્થ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢીના ભાગીદારો દ્વારા રજુ કરેલ

VIJAY M. BARAI ADVOCATE Reg. No. G/3191/2005 B.COM. LLB. VAPI

# VIJAY M. BARAI

**ADVOCATE (B. Com., LLB.)**
**Reg. No. G/3191/2005**

**Mobile No.: (+91) 9898631971**
**(+91) 9998356842**
**E-mail : vmbarai@gmail.com**

**OFFICE:** 116, First Floor, Bhanuhills, Opp. R. K. Desai College, Koparli Road, Chharwada, Vapi, Tal : Vapi, Dist : Valsad, Gujarat - 396191




-આઉટ પ્લાન મુજબ બિલ્ડીંગોનું બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે.

હાલે સદર સીટી સર્વે નંબર ૩૬૮૭ ક્ષેત્રફળ ૧૭૦૦.૧૦ ચો.મી. વાળી બીનખેતીની જમીનવાળી મિલકતનો કબજો ભોગવટો તથા વહીવટ "પાર્થ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢીના ભાગીદારો કરે છે. અને "પાર્થ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢીના ભાગીદારોના કબજા ભોગવટા તથા વહીવટવાળી ઉપર્યુક્ત જમીનમાં વાણિજ્ય તથા રહેણાંક હેતુસરનાં બિલ્ડીંગોનું બાંધકામ કરવા માટે વાપી નગરપાલિકા કચેરી તરફથી આપવામાં આવેલ બાંધકામ પરવાનગી મુજબ "પાર્થ ડેવલોપર્સ" નામની ભાગીદારી પેઢીના ભાગીદારોએ ઉપર્યુક્ત જમીનમાં રહેઠાણલાયક ફ્લેટોવાળાં આર.સી.સી. સ્વરૂપનાં બાંધકામવાળું **"ઓમ રોયલ"** નામનું બિલ્ડીંગ બાંધવાનું આયોજન કરેલ છે.

સદરહુ મિલકતના ટાઈટલ અંગે સને ૧૯૯૨ થી ૨૦૧૪ સુધીની સર્ચ હમોએ મે. પારડીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીએ તારીખ ૧૪/૧૦/૨૦૨૨ ના રોજ કરેલ છે. જે સર્ચ અંગે રસીદ નંબર ૨૦૨૨૧૦૬૦૦૦૧૪૦૧૧ તારીખ ૧૪/૧૦/૨૦૨૨ આ સાથે રજુ કરવામાં આવેલ છે.

સદરહુ મિલકતના ટાઈટલ અંગે સને ૨૦૧૪ થી ૨૦૨૨ સુધીની સર્ચ હમોએ મે. વાપીના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીએ તારીખ ૧૪/૧૦/૨૦૨૨ ના રોજ કરેલ છે. જે સર્ચ અંગે રસીદ નંબર ૨૦૨૨૪૦૦૦૦૦૨૦૦૩૦ તારીખ ૧૪/૧૦/૨૦૨૨ આ સાથે રજુ કરવામાં આવેલ છે.

જે સર્ચ દરમિયાન સદરહુ મિલકત કોઈ પણ ઈસમ, સંસ્થા કે બેંક પાસે તારણમાં કે બોજામાં હોવાનું જણાયેલ નથી કે સર્ચ દરમિયાન સદરહુ મિલકતના ટાઈટલમાં કોઈ સ્પષ્ટ ખામી હમારા ધ્યાનમાં આવેલ નથી.

## પરિશિષ્ટ "એ"

વલસાડ ડિસ્ટ્રિક્ટના રજીસ્ટ્રેશન સબ ડિસ્ટ્રિક્ટ વાપી તાલુકાના મોજે વાપી ખાતે આવેલ અને સીટી સર્વે કચેરી, વાપીના રેવન્યુ રેકર્ડ દફતરે નોંધાયેલ સીટી સર્વે નંબર ૩૬૮૭ વાળી ૧૭૦૦.૧૦ ચોરસ મીટરના ક્ષેત્રફળવાળી મિલકત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના હક્કો તથા સુખાધિકારો સહિતની મિલકત.

તારીખ : ૧૪/૧૦/૨૦૨૨

સ્થળ : વાપી

VIJAY M. BARAI ADVOCATE Reg. No. G/3191/2005 B.COM. LLB. VAPI

(વિજય એમ. બરાઈ, એડવોકેટ)